Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

ભાદ્રપદ

પુસ્તક ૭૫ મું
અંક ૧૧
૧૦ મી સપ્ટેમ્બર

વીર સં. ૨૪૮૫
વિ. સં. ૨૦૧૫
ઈ. સ. ૧૯૫૯

શ્રી જૈનધર્મ પ્રસારક સભા.

जो सहइ हु गामकंटए,
अक्कोस-पहार-तज्जणाओ य ।
भय-भेरव-सद्द-सप्पहासे,
समसुह-दुक्खसहे अ जे स भिक्खू ॥

સ્પર્શ, જીભ, નાક, આંખ તથા કાન અને મન-એમને અણગમતા વિવિધ પ્રસંગો આવતા જે શાંતભાવે સહન કરે છે, અર્થાત્ કોઇ ગુસ્સો કરે-વઢે, કોઇ માર મારે કે કોઇ તિરસ્કાર-અપમાન કરે તે તમામને શાંતભાવે જે સહન કરે છે તથા ભયંકરમાં ભયંકર શબ્દોને અને ભયાનક અટ્ટહાસવાળા અવાજોને જે સમભાવે સહન કરે છે, સુખોને પણ સમભાવે સહે છે તેમજ દુઃખોને પણ સમભાવે જે સહે છે તેને "ભિક્ષુ" કહેવો.

अभिभूय कायेण परीसहाइं,
समुद्धरे जाइपहाउ अप्पयं ।
विइत्तु जाई-मरणं-महब्भयं,
तवे रए सामणिए जे स भिक्खू ॥

સંયમની સાધનામાં વિઘ્નરૂપ આવતા પરીષહોને શરીરવડે સમભાવે સહન કરે છે અને એ રીતે સહન કરીને, એ પરીષહોને હઠાવીને આ પ્રપંચમય વાતાવરણમાંથી પોતાને જે બચાવતો રહે છે અને જન્મ-મરણના ફેરાને મહાભયરૂપ સમજીને શ્રમણધર્મને દૃઢ કરનારા તપમાં જે તત્પર રહે છે તેને "ભિક્ષુ" કહેવો.

—મહાવીર વાણી

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા :: ભાવનગર

For Private And Personal Use Only

## અનુક્રમણિકા


૧ વતીસૂક્તદ્વાત્રિંશિકા .... .... (પં. શ્રી ધુરંધરવિજયજી) ૧૨૯
૨ તીર્થવંદનાદ્વાત્રિંશિકા .... (પં.શ્રી સુશીલવિજયજી ગણિવર્ય) ૧૩૦
૩ અધૂરું સ્વપ્ન .... .... (શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી) ૧૩૨
૪ અગ્નિ અને તપ .... (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૧૩૪
૫ સુભાષિતાલંકાર અને એનાં જલ્પકલ્પલતા
ઇત્યાદિ ગ્રંથો : ૨ (શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયા) ૧૩૭
૬ શ્રીપ્રશ્નોત્તરસાર્ધશતક-સાર્થ (૫૪) (અનુ૦ આચાર્યશ્રી વિજયમહેંદ્રસૂરિજી) ૧૪૦
૭ સહજકીર્તિરચિત તીન છેદસૂત્રોંકે સૂત્રાર્થકી ખોજ ... (શ્રી અગરચંદજી નાહટા) ૧૫૨
૮ તપનો મહિમા .... .... (શ્રી હીરાચંદ સ્વરૂપચંદ ગુગળીયા) ૧૫૪
૯ ભાવનગરના યાદગાર પ્રસંગો .... .... .... .... ટા. પેજ ૩



આપની નકલ નોંધાવવાનું રખે ચૂકતા — મૂલ્ય રૂા. ચાર
અગાઉથી ગ્રાહક થનાર માટે રૂા. સાડાત્રણ
ગ્રાહકો પૂરતી મર્યાદિત નકલો જ છપાશે

# જૈન રામાયણ

[ શ્રી ત્રિષષ્ઠિ શલાકાપુરુષ ચરિત્ર પર્વ-૭ મું ભાષાંતર ]

- વર્ષોથી આ ગ્રંથની નકલ મળતી નહોતી.
- કલિકાળસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય મહારાજની આ અપૂર્વ કૃતિનો રસાસ્વાદ માણવાનું રખે ચૂકતા.
- બળદેવ રામ, વાસુદેવ લક્ષ્મણ, પ્રતિવાસુદેવ રાવણ, એકવીશમા તીર્થંકર શ્રી નમિનાથ ભગવંત, ચક્રવર્તીઓ હરિષેણ તથા જયના મનોમુગ્ધકર ચરિત્ર, ઉપદેશક શૈલી અને રસિક હકીકતોથી પરિપૂર્ણ આ ગ્રંથ અવશ્ય વસાવી લેશો.
- અગાઉથી ગ્રાહક થનાર વ્યક્તિએ રૂા. એક મોકલી આપી ગ્રાહકશ્રેણિમાં નામ નોંધાવી લેવું.
- વિશેષ નકલ મગાવનારે તેમ જ અમુક નકલોમાં સ્નેહી-સ્વજનનું જીવનચરિત્ર કે ફોટો મૂકવા ઇચ્છનાર વ્યક્તિએ પત્રવ્યવહાર કરવો.

લખો:—શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| પુસ્તક ૭૫ મું<br>અંક ૧૧ | ભાદ્રપદ | વીર સં. ૨૪૮૫<br>વિ. સં. ૨૦૧૫ |
| --- | --- | --- |

# सतीसूक्तषोडशिका

## ९. सुभद्रा

जिनवरमतबुद्धा, श्रद्धाशुद्धा, सौगततनयेनाक्षिक्षिप्ता, कपटेन वृता;
श्रुतपतिकुलधर्मा, स्थिरनिजकर्मा, प्रियप्रसुवा परमं व्यथिता,-ऽकथितं कथिता।
हृतरसनक्रीडा-मुनिदृक्पीडा, देवीविहितसदनुकम्पाऽनावृतचम्पा;
उदितोदितभद्रा, सती सुभद्रा, जितनिद्रा शमिताभद्रा, धृतशिवभद्रा ॥ ९॥

## १०. शिवा

व्रतवासितदेहा, गतसन्देहा, चेटकराजसुता प्रथमा-(ऽ)हृतयमनियमा;
द्योतनपरिपूर्ति-र्मङ्गलमूर्ति-र्मारिनिवारसदयहृदया, परिलसदभया।
उज्जयनीगाथा मदनप्रमाथा, हित्वा मोहं प्रव्रजिता, प्रशमोल्लसिता,
संसारं तीर्णा समताकीर्णा, शिवमधियाता सती शिवा, समरजनिदिवा ॥१०॥

(क्रमशः)

—પં. શ્રી ધુરન્ધરવિજયજી ગણિવર્ય

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ ॐ अर्हं नमः ॥

# તીર્થવંદના–પંચાશિકા

## [ સકલતીર્થના આધારે ]

રચયિતાઃ–પૂ. પંન્યાસજી મહારાજ શ્રી સુશીલવિજયજી ગણિવર્ય

[ ગઝલ–રાગમાં ]

જગતના જૈનતીર્થોને, વળી જિનરાજ બિંબોને;
કરું વંદના હું કરજોડી, ત્રિકાળ નિશદિન સર્વેને. ૧
પ્રથમ સૌધર્મ સ્વર્ગના, બત્રીશ લાખ ચૈત્યોને. કરું વંદના૦ ૨
દ્વિતીય ઈશાન સ્વર્ગના. અઠ્ઠાવીશ લાખ ચૈત્યોને. કરું વંદના૦ ૩
સનત્કુમાર ત્રીજાના, શુભ બાર લાખ ચૈત્યોને. કરું વંદના૦ ૪
માહેન્દ્ર સ્વર્ગ ચોથાના, શ્રેષ્ઠ આઠ લાખ ચૈત્યોને. કરું વંદના૦ ૫
પાંચમા બ્રહ્મ સ્વર્ગના, વર ચાર લાખ ચૈત્યોને. કરું વંદના૦ ૬
છઠ્ઠા લાંતક સ્વર્ગના, સહસ પચાશ ચૈત્યોને. કરું વંદના૦ ૭
મહાશુક્ર સપ્તમના, સહસ ચાળીશ ચૈત્યોને. કરું વંદના૦ ૮
સહસ્રાર અષ્ટમના, સહસ છ શુભ ચૈત્યોને. કરું વંદના૦ ૯
આનત સ્વર્ગ નવમાના. શત ચાર જિનચૈત્યોને. કરું વંદના૦ ૧૦
પ્રાણત સ્વર્ગ દશમાના, ચારૂ શત ચાર ચૈત્યોને. કરું વંદના૦ ૧૧
આરણ એકાદશમાના, શત ત્રય જિનચૈત્યોને. કરું વંદના૦ ૧૨
અચ્યુત સ્વર્ગ બારમાના, શત ત્રય શુભ ચૈત્યોને. કરું વંદના૦ ૧૩
ગ્રૈવેયક નવ માંહેલા, ત્રણશે અઢાર ચૈત્યોને. કરું વંદના૦ ૧૪
અનુત્તર પાંચ માંહેલા, જિનતણા પાંચ ચૈત્યોને. કરું વંદના૦ ૧૫
ચોરાશી લાખ સત્તાણું, સહસ તેવીસ સર્વને. કરું વંદના૦ ૧૬
શત યોજન લાંબા એ, પચાશ યોજન ઊંચા એ;
બોંતેર યોજન પહોળા એ, પ્રત્યેક ચૈત્ય જાણો એ. જગતના૦ ૧૭
એકસો એંશી જિનબિંબો, બારમા સ્વર્ગ સુધી એ;
પ્રત્યેક ચૈત્યમાં જાણો, સભા સહિત માનો એ. જગતના૦ ૧૮
નવ ગ્રૈવેયકતણા, અને પાંચે અનુત્તરના;
એકસો વીશ જિનબિંબો, જાણો પ્રત્યેક ચૈત્યના. જગતના૦ ૧૯
સો ક્રોડ બાવન ક્રોડ, ચોરાણું લાખ ચુમ્માળી;
સહસ ને સાતસો સાઠ, છે જિનબિંબો સહુ મળી. જગતના૦ ૨૦
શાશ્વતા સ્વર્ગે એ સોહે, દેવો વંદે પૂજે સ્તવે ને. કરું વંદના૦ ૨૧
સાત ક્રોડ લાખ બોંતેર, ભવનપતિ ચૈત્યોને. કરું વંદના૦ ૨૨
પ્રત્યેક ચૈત્યમાં શોભતા, એકસો એંશી બિંબોને. કરું વંદના૦ ૨૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેરસેં નેવ્યાશી ક્રોડ ને. સાઠ લાખ સર્વે એ;
વંદીએ જિનબિંબોને, ભવનપતિમાંહી સોહે એ. જગતના૦ ૨૪
બત્રીસેં ને ઓગણસાઠ, તીર્છા લોક ચૈત્યોને કરું વંદના૦ ૨૫
લક્ષ ત્રય સહસ એકાણું, ત્રણસેં વીશ સર્વે એ;
જુહારીએ જિનબિંબોને, સોહે જે તીર્છાલોકે એ. જગતના૦ ૨૬
વ્યંતર-જ્યોતિષીમાંહેલા, શાશ્વતા જિનબિંબોને. કરું વંદના૦ ૨૭
અનેક ગુણોથી ભરેલા, જસ નામ ચઉ જાણ;
ઋષભ ચંદ્રાનન સ્વામી. વળી વારિષેણ વર્ધમાન. જગતના૦ ૨૮
સમેતશિખર ગિરિને, વળી વીશ જિનવરને. કરું વંદના૦ ૨૯
અષ્ટાપદ તીર્થરત્નને, તથા ચોવીશ જિણંદને. કરું વંદના૦ ૩૦
શત્રુંજય તીર્થરાજને, ઋષભદેવાદિ બિંબોને. કરું વંદના૦ ૩૧
ગિરનાર ગિરિવરને, નેમિજિનેન્દ્રાદિ બિંબોને. કરું વંદના૦ ૩૨
આબૂગિરિરાજ ચૈત્યોમાં, શોભતા જિન બિંબોને કરું વંદના૦ ૩૩
શંખેશ્વર તીર્થસ્વામી જે, શંખેશ્વર પાર્શ્વ પ્રભુજીને. કરું વંદના૦ ૩૪
કેશરીયા તીર્થસ્વામી જે, કેશરીયાનાથ જિનજીને કરું વંદના૦ ૩૫
તારંગા તીર્થનાયક જે, અજિતનાથ જિનજીને. કરું વંદના૦ ૩૬
તીર્થ અંતરિક્ષના સ્વામી, પાર્શ્વ અંતરિક્ષ વિભુને. કરું વંદના૦ ૩૭
વરકાણા તીર્થસ્વામી જે, વરકાણા પાર્શ્વ પ્રભુજીને. કરું વંદના૦ ૩૮
જીરાવલા તીર્થના નેતા, જીરાવલા પાર્શ્વ પ્રભુજીને. કરું વંદના૦ ૩૯
સ્થંભન તીર્થના સ્વામી, સ્થંભન પાર્શ્વનાથને. કરું વંદના૦ ૪૦
પ્રત્યેક ગામ નગરને, પુર પાટણ ચૈત્યોને. કરું વંદના૦ ૪૧
મહાવિદેહે વર્તતા વીશ, વિહરમાન વિભુઓને. કરું વંદના૦ ૪૨
વિરાજતા મુક્તિપુરીમાં, અનંતા સિદ્ધ પ્રભુઓને. કરું વંદના૦ ૪૩
અઢીદ્વીપમાં રહેલા જે, પંચમહાવ્રતધારીને. કરું વંદના૦ ૪૪
સ્થાવર જંગમ એ તીર્થો, અને જિનબિંબો સર્વે એ;
પૂજિત ત્રણ લોક જીવોથી, અજોડ જગમાંહી વર્તે એ. જગતના૦ ૪૫
આત્મ વિકાસ કરનારા, સકલ કર્મ હરનારા;
મનોવાંછિત પૂરનારા, વળી મોક્ષસુખ દેનારા. જગતના૦ ૪૬
પંચમ આરામાં પ્રાણીને. જિનબિંબ જિનાગમ એ;
ભવસિન્ધુ તરવાનાં, મનોહર જહાજ છે બે એ. જગતના૦ ૪૭
**નેમિ-લાવણ્યસૂરીશના**, શિષ્ય, પંન્યાસ દક્ષના;
વિનેય પંન્યાસ **સુશીલે**, હિતાર્થે સ્વ અને પરના. જગતના૦ ૪૮
વિક્રમ બે હજાર પંદરના, શ્રાવણ શુદ પંચમીએ;
**રચી વલભીપુર પુરેએ, તીર્થવંદના-પંચાશિકાએ.** જગતના૦ ૪૯
પ્રભાતે ઉઠી સ્મરતાં એ, આનંદમંગલ વર્તે ને;
જીવન કૃતાર્થ થાયે ને, **સુશીલ** શિવશ્રી વરાયેને જગતના૦ ૫૦



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અધૂરું સ્વપ્ન

લેખક : શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

## ચંદ્રસ્વપ્નસૂચિત ચાંગદેવ

ગુરુદેવ, આપના વચનમાં મને પૂર્ણ વિશ્વાસ છે. વળી આપે મારા બાલુડાના ઉચ્ચ ભાવી વિષે જે આગાહી કરી તેથી મને એટલો હર્ષ થયો છે કે જો કેવળ મારા હાથની વાત હોત તો અત્યારે એ અપત્યને આપના ઉત્સંગમાં ધરી દેત પણ મને જે ક્ષોભ ઉદ્ભવે છે તે એના પિતાશ્રીના સ્વભાવ સંબંધમાં છે. પુત્ર પ્રત્યે જેમ માતાનો પ્રેમ હોય છે અને હકદાવે એ જેમ વાત કરી શકે છે તેમ પિતાનો પણ સ્નેહ અને અધિકાર હોય છે જ. સંસારમાં માતા કરતા પિતાનો હક્ક બળવત્તર લેખાય છે. એક પતિવ્રતા નારી તરીકે જ્યાં મારે સ્વામીની આજ્ઞા શિરસાવંદ્ય કરવાની ફરજ લેખાય ત્યાં તેમને પૂછ્યા વિના, રજા મેળવ્યા વિના મારાથી સંતાનને આપશ્રીના ચરણે કેવી રીતે ધરી દેવાય ?

શીલસંપન્ન શ્રાવિકા, તારી વાત સો ટકા સાચી છે અને સંસારના સંબંધોને ઠોકરે મારી માયા-મમતાનો ત્યાગ કરી, કેવળ આત્મશ્રેય માટે આ જીવન વ્યતીત કરનાર મારા જેવાને આવી માગણી શોભે પણ નહીં. વળી શ્રાવિકાને પતિવ્રત ધર્મથી વિરુદ્ધ આચરણ કરવાની સલાહ પણ ન આપી શકાય.

સાંભળ, આ પાછળ જે મહત્ત્વનું કારણ છે તે કોઈ પણ પ્રકારની આંતરિક લાલસાને અંગે નથી, તેમ નથી કોઈ પણ પ્રકારના શિષ્યલોભનું. કેવળ **શાસનપ્રભાવનાનો** જ એક માત્ર હેતુ છે. સહજ-ભાવે તારા એ દારકના કપાળ તરફ દષ્ટિ જતાં, અંગોપાંગ વિલોકતાં, સામુદ્રિક શાસ્ત્રની યાદ તાજી થઈ. મન પોકારી ઉઠ્યું કે અર્હત્ શાસનમાં આ વિભૂતિ જો દીક્ષિત થાય તો ભારે પ્રભાવક નિવડે, એની દ્વારા શાસન દીપી નીકળે એટલું જ નહીં પણ જનતા અને જગતને નવું નવું જાણવા જોવાનું પ્રાપ્ત થાય. અરે! વધુ શું કહું? વિદ્વાન્ સમૂહ એને સર્વજ્ઞના બિરુદથી નવાજે.

પૂજ્ય આચાર્યશ્રી, મેં પૂર્વે જણાવ્યું તેમ મને આપના જ્યોતિષ જ્ઞાન સંબંધે રંચમાત્ર શંકા નથી. મેં તો મારા એ બાલુડાને આપના ચરણે ધરવાનું નક્કી કરેલ છે. ફક્ત હું તેના પિતાના આગમનની રાહ જોઉં છું. તેમની પાસે 'હા' ભણાવવાની કોશિશ કરવાની ખાતરી આપું છું, એમ કરવાથી આ કાર્ય સોનામાં સુગંધ ભળ્યા જેવું થશે. બાકી પતિની ઉપરવટ જઈ અત્યારે હા પાડવામાં મને અમંગળ જણાય છે.

પાહિણી, તને ઉતાવળ કરવાનું આમ તો હું ન જ કહેત; પણ મેં જ્ઞાનોપયોગમાં જે મુહૂર્ત ને યોગ જોયેલ છે એ વીતી જવાથી જે મહાન્ લાભ થવાનો છે એ ગુમાવી દેવાની આશંકા છે. આવો યોગ જવલ્લે જ સાંપડે છે. શ્રેષ્ઠ ચોઘડીઆમાં કરેલ કાર્યવાહી ચિરકાળ ટકી રહે છે જ્યારે એમાં ઊણપ રહે છે અથવા તો થોડી પળોનો ફેરફાર થાય છે તો પાછળથી કાર્ય વિણસે છે ને કાયમ માટે પશ્ચાત્તાપ થાય છે.

તારી હાર્દિક સંમતિ હોય તો જ તારા ચાંગદેવને હું જૈન ધર્મની દીક્ષા આપવા માગું છું. આવી અણમૂલી તકનો લાભ લેવાની મારી એક માત્ર ઇચ્છા ભાવિ પ્રજાનાં કલ્યાણ અર્થેની છે, તેથી જ ચાલીને તારા આંગણે દોડી આવ્યો છું. લાભાલાભનું તોલન કરી જે તરફનું પલ્લું નમતું જણાય તે કાર્ય કર. એ માટે ઝાઝા વિલંબનું પ્રયોજન નથી.

પૂજ્ય સૂરિમહારાજ, આટલું સાંભળ્યા પછી મારા અંતરના ઉમળકાથી હું આપની વાતમાં સંમત થાઉં છું. મારા ચાંગદેવને આપના ચરણમાં સોંપું છું. આપ એને આપનો શિષ્ય બનાવો. એ અમારા સાંકડા વર્તુલનો દીવડો મટી વિશ્વભરને પ્રકાશ દેનાર દીપક બને એ કઈ માતાને ન ગમે !



For Private And Personal Use Only

સ્વપ્નમાં હું જાણે ધંધુકાની એક વસ્તીમાં આવી ચઢ્યો છું. જાણે ઉપર વર્ણવ્યો વાર્તાલાપ મારી નજર સામે ચાલી રહ્યો છે અને હું પણ એક-ચિત્તે તે સાંભળી રહ્યો છું. પણ જ્યાં વિશ્વદીપકનો રવ કાને અથડાયો કે મારાથી ઉચ્ચાર થઇ ગયો કે-પાહિની ધન્ય છે. માતા હો તો આવી જ હજો અને ગુરુદેવ દેવચંદ્રસૂરિ તમોને પણ ભૂરિ ભૂરિ વંદન છે!

અને જ્યાં ખમાસમણુ દેવા યત્ન કરું છું ત્યાં તો ન મળે એ શ્રાવિકા અને ન દેખ્યા એ ગુરુ! અહો આશ્ચર્ય! આ તો પ્રભાવક મહાત્માઓની જે શ્રેણી મારા મનોપ્રદેશમાં ચલચિત્ર માફક ચક્રાવા લઇ રહી હતી તેમાં શ્રીમદ્ હેમચંદ્રસૂરિના દીક્ષા નિમિત્તને વર્ણવતો એક માત્ર પ્રસંગ એક પટ ઉપર આલેખેલો જણાયો.

જરા આંખ મેંચી દૃષ્ટિ દોડાવું છું ત્યાં તો બીજા ચિત્રમાં કોઇ અનોખું દૃશ્ય દૃષ્ટિપથમાં રમી રહે છે. એક તરફ ઘુઘવાતો સાગર મોજાંના ઉછાળા મારી રહ્યો છે. સંખ્યાબંધ નાવડા અહીંતહીં ઘુમી રહ્યાં છે અને સફરી વહાણો પણ જાતજાતના કરિયાણા ભરી નગરના કાંઠા તરફ ધીમી ગતિએ આગળ વધી રહ્યાં છે. જ્યાં જકાત ભરવાની ચોકી છે અને જે ફુરજા-દરવાજા તરીકે ઓળખાય છે ત્યાં જેમ શાહ સોદાગરો પોતાના માલના ભારતીઆ લઇ આવી રહ્યા છે એમાં એક અમદાવાદી પાઘડી પહેરેલ અને સાદા વેશને ધારણ કરનાર વણિક સૌથી જુદો તરી આવે છે. એ દ્વારપાળને કહી રહ્યો છે કે-

ભાઈ, હું કોઇ કરિયાણા લઇને આવ્યો નથી. મારી પાસે કાંઈ જકાતી માલ પણ નથી. મહેરબાની કરીને મને અજાણ્યાને ઉદાયન મંત્રીની હવેલીનો માર્ગ બતાવો કે જેથી હું તેમને મળી, મારું કામ પતાવી જલ્દી મારા ઘર ભેગો થાઉં. ભાઇલા, મારા દુઃખની શી વાત કરું અને કહું પણ કોને? જ્યાં ઘરની ધણીઆણી જ ભૂલ કરી બેઠી ત્યાં બીજાને શું દોષ દેવો? પોતાના ફૂલ જેવા ગભરૂ બાળકને તે કોઈ રાજીખુશીથી બાવો બનાવવા આપી દે. એવી જનેતા મેં કોઈ જોઇ નથી! પણ મારા કરમની કહાણીમાં એવું પ્રત્યક્ષ બન્યું છે. મારી ગેરહાજરીમાં મારા ચાંગાને મારી પત્નીએ આચાર્ય દેવચંદ્રસૂરિને અર્પણ કરેલ છે. ગુરુજીએ એને સાધુનો સ્વાંગ સજાવી ચાંગદેવનો સોમદેવ બનાવ્યો છે અને એ ઉભય હાલ તમારા સ્થંભતીર્થમાં છે. મંત્રીશ્રીને મળી, મારે મારો દીકરો પાછો મેળવવો છે. મેં સાંભળ્યું છે કે હાકેમ સાહેબ ન્યાય કરવામાં એક્કા છે.

દ્વારપાળ સ્મિત કરી બોલ્યો-મહાશય, બજાર માર્ગે આગળ વધી માણેકચોક આગળથી જે એક માર્ગ ફુટે છે તેમાં વળજો. ઉદયવસહિકા તરીકે એ સ્થાન ઓળખાય છે. વચગાળે જે મોટી હવેલી જણાય ત્યાં જ હાકેમ સાહેબ વસે છે. ભારે બુદ્ધિશાળી છે. ન્યાયી પણ છે અને સાથે જૈનધર્મના ચુસ્ત ઉપાસક પણ છે. જાવ, સિધાવો, સાધુ દીકરાને પાછો મેળવતાં જોજો તમો સાધુ ન થઈ જાવ. એ મહામંત્રીના પ્રજ્ઞાબળ આગળ ભલભલા પાણી ભરે છે! (ચાલુ)


## બાર વ્રતની પૂજા અર્થ-સહિત

### [ તેમજ સ્નાત્રપૂજા ]

જેની ઘણા વખતથી માગણી રહ્યા કરતી હતી તે શ્રી બારવ્રતની પૂજા-અર્થ તેમજ સમજણ સાથેની પ્રગટ થઇ ચૂકી છે. સાથોસાથ સ્નાત્રપૂજા અને આરતી-મંગળદીવાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અર્થ સમજીને આચરણ કરવા યોગ્ય છે. મૂલ્ય માત્ર પાંચ આના

લખોઃ-શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અગ્નિ અને તપ

લેખક : શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર"

આ વિશ્વમાં એટલે આપણી પૃથ્વી, સૂર્યમાલા અને તારા નક્ષત્રોથી બનેલું આ વિશ્વ ફક્ત અગ્નિ અને તદનુષંગિક વિદ્યુત્‌થી બનેલું છે એમ માનવામાં જરાએ ખોટું નથી. અગ્નિ જ પોતાની શક્તિથી બધાઓને એકત્ર જોડી રાખે છે તેમ બધાઓને છૂટા પણ કરી નાખે છે, એ ખુલ્લી રીતે જોવામાં આવે છે. કાષ્ઠમાં અગ્નિ સત્તારૂપે છુપાએલો છે તેમ દરેક વસ્તુમાં અગ્નિ સુપ્તાવસ્થામાં રહેલો છે. કોઈપણ બે વસ્તુઓ પરસ્પર ઘસાતા ગરમ થાય છે, એ અનુભવસિદ્ધ વસ્તુ છે. બે હાથ એક પર એક ઘસતા ગરમ થાય છે એ અગ્નિનું જ પ્રદર્શન છે, એ સુસ્પષ્ટ છે.

કોઈપણ સારું કે ખોટું કર્મ આત્મા સાથે જોડાય છે એમાં પણ એવી જ શક્તિ કામ કરે છે. જ્યારે કોઈ પણ કર્મ આપણે કરીએ છીએ ત્યારે તેની સાથે જે રસ કે તાલાવેલી હોય છે તેને રસ અને આતુરતા કે અંતરની લાગણી જોડાએલી હોય છે, તે જેટલા પ્રમાણમાં તીવ્ર કે શુષ્ક હોય છે તેટલા પ્રમાણમાં તે આત્માની સાથે ચોંટે છે. ખોટું કર્મ હો અગર સારું ધર્મક્રિયા જેવું કર્મ હો, એની પાછળ જેટલા પ્રમાણમાં મનની લાગણી પરોવાએલી હોય છે તેટલા જ પ્રમાણમાં તેનો આત્માની સાથે બંધ ઉત્પન્ન થાય છે. શુષ્ક અને મનની લાગણી વગરનું કોઈ પણ સારું કે ખોટું કર્મ આત્મા સાથે તીવ્રરૂપે જોડાઈ શકતું નથી. અભાવિતપણે અને જડ રીતે કરેલા કોઈપણ શુભ કે અશુભ કર્મની અસર આત્મા ઉપર થતી નથી. એટલે કર્મ અને આત્માનો મેળ થવા માટે વચમાં એક શક્તિની જરૂર લાગે છે. અને તે શક્તિને આપણે અગ્નિ કે વિદ્યુત્‌ કહીએ તો તે બરાબર છે.

કોઈ પણ કર્મની પાછળ આનંદ, પ્રમોદ અગર સમાધાનની લાગણી જરા જેવી પણ ન હોય તો તે કર્મની આત્મા ઉપર અસર થતી નથી. કોઈપણ ઈરાદો મનમાં ન હોય અને અસાવધાનીથી કોઈ દોષની ક્રિયા ભૂલમાં થઈ જાય અને તે પછી મનને આંચકો લાગે ત્યારે તે અશુભ કર્મની અસર આત્મા ઉપર થતી નથી. કારણ તેમાં કર્મ કરનારાનો કોઈ સ્વાર્થ હોતો નથી. અને એ અશુભ ક્રિયા વગરહેતુની હોય છે તેથી આત્મા સાથે તેનું જોડાણ થવા માટે જે અગ્નિની શક્તિ જોઈએ તેના અભાવે તેમાં જરાએ તીવ્રતા હોતી નથી અને તેને લીધે તે અશુભ ક્રિયા પણ આત્માને ખોટી અસર કરતી નથી. ન્યાય કોર્ટમાં પણ પ્રત્યક્ષ ખૂનનો કેસ હોય છતાં એમાં ખૂન કરવાનો હેતુ સિદ્ધ ન થાય અને બનાવ અકસ્માત બન્યો છે એમ પુરવાર થાય તો ગુનેગાર છૂટી જાય છે. વધુમાં વધુ બેદરકારી માટે કદાચ એને સજા થાય. કર્મ આત્માને વળગવા માટે પણ એ જ સિદ્ધાંત લાગુ થઈ શકે તેમ છે. ભૂલમાં થએલ અશુભ કર્મ ફક્ત પશ્ચાત્તાપ કે મિચ્છામિ દુક્કડંથી છૂટી શકે છે. ત્યારે ઈરાદાપૂર્વક અને અંતઃકરણની પૂર્ણ લાગણી સાથે કરેલું કર્મ ભોગવ્યા વિના છૂટી શકતું નથી.

જેમ અશુભ કર્મનો બંધ શુષ્ક અગર તીવ્ર થવાથી જુદી જુદી રીતે ભોગવવાનો હોય છે. તે જ ન્યાય શુભ કર્મ માટે પણ લાગું થઈ શકે. નિત્યના અને નૈમિત્તિક અનુષ્ઠાનો આપણે કરતા હોઈએ તેની અસર આપણા આત્મા ઉપર કેવી થાય? આપણું મન જો આપણે કરતા હોઈએ તે ક્રિયાનો પરમાર્થ જાણ્યા વિના શૂન્ય ભાવે, ટેવ પડી ગઈ છે માટે, બીજાઓ કરે છે માટે કરવું જોઈએ તેથી અગર બીજાઓ આપણું નામ ન બગાડે તે માટે અગર કોઈએ પરાણે કરાવેલ હોય તે માટે જો આપણે ક્રિયા કરતા હોઈએ તો તેવા કરેલા કર્મો એ શુષ્ક ફોતરી જેવા જ આપણા માટે પરિણમવાના. અને તેવા ક્રિયાના ફળ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાસ્ત્રકારે વર્ણવ્યા હોય તેવા મેળવવાની આશા રાખીએ એ નરી બાલિશતા છે, એમાં શંકા નથી. કેટલાએક ક્રિયા કરનારા એવા પણ જોવામાં આવે છે કે, લોકો આગળ આપણે ધર્મી તરીકે પંકાઈએ અને લોકો આપણને ધર્મી તરીકે ઓળખે અને તેની પાછળ આપણા અપકૃત્યો છુપાઈ જાય. એવા માણસો પોતાના પાપની આડે એક જાતનો પડદો નિર્માણ કરતા હોય છે, એવા દંભી માણસની ધર્મ ક્રિયાની કિંમત કેટલી?

અમારો કહેવાનો હેતુ એટલો જ છે કે, કોઇ પણ ધર્મક્રિયા પાછળ તેનો પરમાર્થ શું છે? તેનો હેતુ શું છે? અને એ ક્રિયા પાછળ કેવા પ્રકારનું રહસ્ય રહેલું છે એ ક્રિયા કરનારના મનમાં શુદ્ધ રીતે અંકિત થએલું હોવું જોઇએ. તે ક્રિયા કરવાની આતુરતા મનમા જાગેલી હોવી જોઈએ. અને આપણું અંતઃકરણ તે તે ક્રિયા કરતી વખતે આપણામાં વિનય નમ્ર ભાવના, પશ્ચાત્તાપ વિગેરે જાગવા જોઇએ. ચૈત્યવંદન કે સ્તવન કહેતાં પ્રભુ પ્રત્યે આદર અને એકાંતે પૂજ્યભાવ મનમાં જાગવો જોઇએ. વંદિત્તા જેવા સૂત્રો ઉચ્ચારતા આપણા હાથે થએલી અશુભ ક્રિયાનું સ્મરણ કરી આપણું મન ધ્રૂજવું જોઇએ. આપણી આંખો પશ્ચાત્તાપથી ભીની થવી જોઇએ. ફરી એવી અશુભ ક્રિયા કદી પણ ન થાય તે માટે આપણે આપણા મનને સમજાવી સખત તાકીદ આપવી જોઇએ, જેથી એવાં કાર્યો કરવાનો મોહ ફરી ન જાગે. એમ થાય તો જ એ સૂત્રનો ઉચ્ચાર આપણા માટે ફળદ્રૂપ નિવડે. સજ્ઝાય કહેતી વખતે જે વિષયની એ સજ્ઝાય હોય તે વિષય સાથે આપણે એકરૂપ થઇએ તો જ આપણામાં કાંઈક ઋજુતા અને શુદ્ધતા જાગવાનો સંભવ છે. એમ ન થાય તો વચનથી પોપટની પેઠે બોલ્યે જઇએ, મન કાંઈક જુદા જ વિષયમાં પરોવાએલું હોય અને શરીર એક લાકડાના ઠુંઠા જેવું જડરૂપે પડેલું હોય એવી રીતે કરેલી શુષ્ક ક્રિયાનું ફળ કેટલું ? કોઈ પણ ક્રિયામાં મનની વિદ્યુત્ કે અગ્નિની પ્રખરતા જાગેલી હોય તો જ તે ક્રિયા ફલવતી થઈ શકે. નહીં તો તમે બકયે જાવ અને અમે સાંભળ્યે જઇએ ! પાષાણ ઉપર ગમે તેટલું પાણી ફરી વળ્યું હોય છતાં તે અંતરમાં તો સાવ સુકા ખડક જેવું જ રહેવાનું માટે જ દરેક શુભ ક્રિયામાં મનનો અગ્નિ પ્રજ્વલિત અને પ્રખર હોવો જોઇએ. જે કોઈ શુષ્ક ક્રિયાઓ કરતા હોય તેમનો દોષ કાઢવાના હેતુથી અમો આ લખતા નથી, પણ અમૃતક્રિયા કરવાની તાલાવેલી જાગે અને શુદ્ધ ક્રિયાની ભાવના તેમનામાં જાગે એટલો જ અમારા લખવાનો હેતુ છે.

અગ્નિ અને વિદ્યુત્‌નું મહત્ત્વ સમજાવ્યા પછી અમો તપનું મહત્ત્વ અને તેને અગ્નિ શા માટે કહેવામાં આવે છે તેનો વિચાર કરીએ.

જ્યારે કોઇને અપચો થાય છે ત્યારે વૈદ્ય પહેલાં એનું પેટ સાફ કરવા માટે દવા આપે છે. અને ખાવા પીવા ઉપર પ્રતિબંધ રાખવા માટે પથ્ય કે કરી પળાવે છે. હેતુ એ હોય છે કે પેટમાં વધુ કચરો ભેગો થવા ન પામે. પેટમા ખોરાક પરિમિત અગર નહીંવત્ જવાથી પેટ સાફ થવા માંડે અને પેટમાંનો જઠરાગ્નિ પ્રજ્વલિત થાય અને રોગનું મૂળ નષ્ટ થઇ જાય. મતલબ કે, આ શરીરમાં જેટલા રોગ વ્યાધિ થાય છે તે બધાનું કારણ કોઈ હોય તો તે અપચન એ જ હોય છે. અને એ પેટમા સંઘરેલો કચરો બાળી નાખવા માટેના ઉપાયો યોજવા પડે છે. બાળવાનું કામ તો અગ્નિ જ કરે, એ અગ્નિ પ્રત્યક્ષ જ્વાલા અને ભડકાનો હોય કે પછી સુપ્તાવસ્થામાં હોય પણ અગ્નિનું ઉપમાન તો તેને અપાય જ છે. આપણા પેટમાં ભૂખ લાગે છે અગર તૃષા લાગે છે ત્યારે એ કાર્ય પેટમાં રહેલા અગ્નિનું જ હોય છે. અને એ વૈશ્વાનરની શાંતિ કરવા માટે આપણે અન્ન અને પાણીનો ઉપયોગ કરીએ છીએ. મતલબ કે, કચરો બાળી નાખવા માટે આપણે અગ્નિને પ્રજ્વલિત કરીએ છીએ. અને એ અગ્નિ જ્યારે વધારે પ્રમાણમાં પ્રજ્વલિત થઈ નુકશાન કરવા બેસે છે ત્યારે તેને ઉપશાંત કરવા માટે પાણી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઠંડક કે શાંતિનો ઉપયોગ કરી તેને શાંત કરવો પડે છે. શરીરને અત્યંત ક્ષીણ કરી નાખે એવો અગ્નિ શાંત જ કરવો પડે. કારણ કે શરીરના સાધનવડે જ આપણે આ જીવન વ્યતીત કરીએ છીએ. તે શરીરનો જ નાશ કરી બેસીએ ત્યારે એ વસ્તુ પણ આત્માને અવળે માર્ગે દોરી જનારી કહેવાય. જે નોકર મારફતે આપણે આપણું કામ કરાવીએ છીએ તેના ચરિતાર્થની ફીકર તો આપણે રાખવી જ રહી.

આપણે કોઇ પણ શુભ કે અશુભ કર્મ કરવાનો પ્રસંગ ઉપસ્થિત થતા સાવચેતી રાખી આપણા આત્માને નુકશાન પહોંચે નહીં એની કાળજી રાખવી જોઇએ, એ વસ્તુ સમજી શકાય તેમ છે. પણ અત્યાર સુધી જે અશુભ કર્મો આપણા હાથે થઈ ગએલા છે તેનું શું ? એવો જે કચરો આપણે પોતાની જ ભૂલથી ભેગો કરેલો છે તેનું શું ? એવો પ્રશ્ન સ્વાભાવિક રીતે આગળ આવી ઊભો રહે છે, તેનો વિચાર કરવો જોઇએ.

આપણે આપણા ખાનપાન અને આદતો કે નાનાસરખા વ્યસનો ઉપર નિગ્રહ નહી મૂકવાથી જેમ આપણા શરીરમાં અનેક વ્યાધિઓનો સંગ્રહ કરીએ છીએ, તેમ આપણે આપણા મનને ગમે તેમ આચરણ કરતા રોકતા નથી તેને લીધે આપણે અનેક કુકૃત્ય અને અશુભ પ્રવૃત્તિ કરવા લલચાઇએ છીએ અને તદ્દન આપણા જ હાથે આપણું બૂરું આપણે કરતા રહીએ છીએ, તે માટે જો આપણા મનનો કચરો દૂર કરવો હોય તો આપણે શાસ્ત્રકારોએ બતાવેલ છ બાહ્ય અને છ અભ્યંતર તપનું સેવન કરવું જોઇએ. એ તપ સાક્ષાત્ અગ્નિ છે. અને તે મનનો કચરો બાળી નાખવાનું કાર્ય સહેજ રીતે કરી આપે છે. જૂનાં કર્મો બાળી નાખવા માટે તપનો અગ્નિ પ્રગટાવવાની જરૂર છે, તેમ નવો કર્મરૂપી કચરો ભેગો ન થાય તે માટે આપણું જીવન નિયમબદ્ધ કરી નાખવું જોઇએ. તે માટે નવા વ્રતો તેમજ નિયમો આપણે ચૂંટી કાઢવા જોઇએ. અને આપણી કુટેવો અને નાના મોટા વ્યસનો દૂર કરવા માટે ભગીરથ પ્રયત્નો કરવા જોઇએ, અને તે ભીષ્મ-પ્રતિજ્ઞાથી પાળવા જોઇએ. એ વસ્તુ ઘણાઓને કઠણ અને અશક્ય જેવી લાગે, પણ એ ધ્યાનમાં રાખવું જોઇએ કે એમાં અશક્ય જેવું કશું નથી. અમોએ જોયું અને અનુભવ્યું છે કે, એક સામાન્ય જેવા ભાઇને ચા પીવાનું ઘણું વ્યસન હતું એ એટલે સુધી કે, દિવસ અને રાત મળી ૧૮–૨૦ વખત એ ચા પીતા. એક દિવસે સ્હેજ બોલતા તેઓએ ચાના દુષ્પરિણામો જાણી ચા નહીં પીવાની પ્રતિજ્ઞા કરી. અને સાથે સાથે ખાંડ નહી વાપરવાની પણ પ્રતિજ્ઞા લીધી અને અમે સાચું કહીએ છીએ કે, એ ભાઇએ પોતાની પ્રતિજ્ઞા અક્ષરશઃ મરણાંત સુધી પાળી. આ દાખલો એવું સિદ્ધ કરી આપે છે કે, એમાં અશક્ય જેવું કાંઇ નથી. ઢીલી વાતો કરવી એ આપણી નબળાઇ અને વેવલાપણું છે. માણુસ ધારે તો તપની અગ્નિથી પ્રાચીન ગમે તેવા આકરા અશુભ કર્મોને બાળી શકે છે તેમ ફરી એવા કર્મો નિર્માણ થતા અટકે તે માટે યથોચિત વ્રતો અને નિયમો ગ્રહણ કરી શકે છે. ઘણા લોકો લાગણીવશ થઇ આવેશમાં આવી નિયમો ગ્રહણ કરે છે, પણ પાછળથી ઢીલા બની એ પ્રતિજ્ઞા ભંગ કરવા લલચાય છે. એમ કરવું એ તદ્દન મૂર્ખાઈ છે, માટે નિયમ કરવા પહેલા પૂરો વિચાર કરી લેવો જોઇએ. નિયમ ભલે પ્રથમ દર્શને સામાન્ય હોય પણ દૃઢ મનથી તે પાળવામાં આવે તો તે મોટું ફળ આપનારા નિવડે છે. અને વધુ ઉંચા નિયમો લેવા માટેની તૈયારી કરી આપે છે. અને આત્માને ઊંચે ચઢવાનો માર્ગ ખુલ્લો જણાવા માંડે છે, માટે જ તપની અગ્નિથી પ્રાચીન કર્મો બાળી મૂકવાની અને નિયમો ગ્રહણ કરી નવા કર્મો અટકાવવાનો માર્ગ બધાઓને સાંપડે એ જ શુભેચ્છા.

સામાયિકમાં વાંચવા માટે

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજનો સર્વશ્રેષ્ટ ગ્રંથ

**જ્ઞાનસાર**-ગુજરાતી અનુવાદ સાથે અવશ્ય વાંચો

મૂલ્ય રૂપિયા ૨–૦–૦ લખો:—શ્રી જૈન ધ. પ્ર. સ.–ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મુગ્ધમેધાકરાલંકાર અને એનાં જલ્પકલ્પલતા ઇત્યાદિ બાંધુઓ

(લેખાંક : ૨)

લે. શ્રી હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

આ પરિસ્થિતિમાં હું બે ઉદાહરણો અહીં રજૂ કરું છું:—

"यच्च त्वं गीः कलम्बैकलव्यायमानो धीमद्धेतुं विश्वव्यापकतया मन्यसे, तदप्यनुपलब्धिश्रद्धेयं मानसे मनु"—ભ્ર

"यतस्तस्य तथात्वे विश्वगतानियतदेशस्थवस्तूनां यथावन्निर्माणानुपपत्तिरेव कारणतामेत्यनूनाम्।"—વનુપ્ય

"तत्र च पृच्छामो जनवत् तनुव्यापारतः सङ्कल्पमात्राद् वा जनयेदर्थांस्त्रिजगतः।"—મુસળુ

"आद्ये एकस्यैव गिर्यादेः कृतौ बहोः कालक्षेपस्य सम्भवाद् बंहीयसाऽपि कालेन न सर्गावसायः।"—ભાલે

"न च तस्य स्याद् वपुः, पुरा मे ततयुक्त्याऽस्य प्रतिषेधनेन"—રજ

"द्वैतीयीकपक्षे तु दोषो न कश्चिद्, असौ ह्यन्यनाकसद्वत् सङ्कल्पात् तान् करोति, तथोररीकरणे त्वस्य व्यापकता व्यर्था"—જલ-કમલ

"सर्वगत्वे च सोऽशुचिषु सर्वदुःखेषु श्वभ्रादिषु सञ्चरिष्णुः प्रसज्येत, तथाऽनिष्टं वः"—સ્થલ-કમલ

"तत् सार्वज्ञ्यं केन प्रमाणेन गृहीतम्? अनुमानेन चेत् किं तेनाविनाभूतं साधनम्? यदनुमानमुत्थापयेत् विष्टपवैचित्र्यमेव चेत्, न, तस्य शुभाशुभकर्मविपाकादिवशेनोत्पद्यमानत्वात्, तत्, न ज्ञानात्मनाऽपि विश्वविभुः। प्रयोगोऽत्र—'शर्वो, न सर्ववेदी, विसंवादार्थवादित्वात्, युष्मादिवत्' तेन प्रणीतेषु तत्त्वेष्वाद्यस्य द्रव्यस्यैव तावत् तदुक्तनवसंख्याकत्वव्यभिचारतो नायमसिद्धः स्याद्धेतुः। ननु कथमिदमिति चेत्, एते वदामः—'भूजलानलानिलाकाशलोकात्मदिग्मनांसि' इति नव द्रव्याणि, तत्र न भूजलतेजोवायवः पृथग् द्रव्यम्, अणूनामेव स्वेन भेदमभेजुषां प्रयोगविश्रसाभ्यां पृथिव्यादित्वेन परिणमनात्, न चावस्थाभेदाद् द्रव्यभेदः समीचीनः, कुम्भाद्यवस्थापन्नमृदादिद्रव्यस्यापि भेदापत्त्याऽनन्तद्रव्यप्रसक्तेः। नापि दिक्, तस्या व्योमापत्यत्वेन तत्पृथक्त्वानुपपत्तेः। अन्यच्च तमच्छायादयोऽप्यतदोऽन्तर्भवद् द्रव्यीभवन्ति तेषामपि रूपादिमत्त्वेन पृथिव्यादिवत् द्रव्यत्वापत्तेः।"—જલ-પદ્મ

**સંવાદસુન્દર**:—આ સંસ્કૃત કૃતિ હીરાલાલ હંસરાજે ઇ. સ. ૧૯૧૯માં પ્રસિદ્ધ કરી છે. અહીં એના કર્તા[1] રત્નમંડનને રાજશેખરના શિષ્ય કહ્યા છે તે ભૂલ છે. આની એક હાથપોથી વિ. સં. ૧૫૪૮માં લખાયેલી છે.

**સુકૃતસાગર**—આ આઠ સર્ગમાં વિભક્ત સંસ્કૃત કૃતિમાં પેથડ (પૃથ્વીધર) અને એના પુત્ર ઝાંઝણનો વૃત્તાંત રજૂ કરાયો છે અને એ "જૈન આત્માનંદ સભા" તરફથી પ્રસિદ્ધ કરાઈ છે.

---

૧ ભોજપ્રબન્ધના કર્તા રત્નમંદિર ગણિ છે. જો કે એક હાથપોથી પ્રમાણે રત્નમંડનગણિ છે. જુઓ જિનરત્નકોશ (વિભાગ ૧, પૃ ૨૯૯),



For Private And Personal Use Only

‘નારીનિરાસ’ ફાગ(ગુ)–આને [1]નેમિનાથ ફાગ પણ કહે છે. આ ત્રેપન પદ્યની કૃતિ છે. એના એકી અંકવાળાં પદ્યો સંસ્કૃતમાં છે તો બેકી અંકવાળાં ગુજરાતીમાં છે. આમ ૨૭ પદ્યો સંસ્કૃતમાં અને ૨૬ ગુજરાતીમાં છે. સંસ્કૃત પદ્યથી શરૂઆત કરાઈ છે. પ્રત્યેક એકી પદ્ય એના પછીના એકી પદ્ય સાથે ભાવની દૃષ્ટિએ સમાનતા ધરાવે છે.—એકબીજાના પ્રતિબિંબરૂપ જણાય છે. નારીનાં અંગોપાંગ અને એનાં આભૂષણોની મોહકતાથી કામવશ નહિ બનવાનો ઉપદેશ અહીં અપાયો છે. આથી પ્રત્યેક પદ્ય દ્વારા શૃંગારાત્મક વર્ણન રજૂ કરી તેને વૈરાગ્યમાં પરિણમાવવા નારીનો ત્યાગ કરવા સૂચવાયું છે. આને લઈને એ સોમપ્રભસૂરિએ રચેલી **શૃંગારવૈરાગ્યતરંગિણી** તેમજ દિવાકરની પણ એ નામની કૃતિનું સ્મરણ કરાવે છે.

આ કૃતિનાં ગુજરાતી પદ્યો અંતર્યમકથી અલંકૃત છે અને એની કાવ્યશૈલી **વસંતવિલાસ**ને મળતી આવે છે. આ ફાગુનો ગુજરાતીમાં અનુવાદ કદાચ ન કરાય તો પણ ઉપર્યુક્ત ૨૭ સંસ્કૃત પદ્યો માટે તો પહેલી તકે તેમ થવું ઘટે.

પ્રસ્તુત કૃતિ પાઠાંતરો સહિત **પ્રાચીન ફાગુ-સંગ્રહ**(પૃ. ૬૮–૭૫)માં છપાવાઈ છે. એ પૂર્વે એ “જૈન સત્યપ્રકાશ” (વર્ષ ૧૨, અં. ૫–૬. પૃ. ૧૬૯ ૧૭૩)માં પ્રકાશિત કરાઈ છે.

**નેમિનાથ નવ રસ ફાગ**—આ કૃતિની એના નામાંતર **રંગસાગરફાગ** સહિત તેમજ એના કર્તા તરીકે **નંદિરત્નના** શિષ્ય **રત્નમંડનગણિના** ઉલ્લેખપૂર્વક નોંધ **જૈન ગૂર્જર કવિઓ** (ભા. ૩, ખંડ ૧, પૃ. ૪૩૯–૪૪૦) માં જોવાય છે. વિશેષમાં એમાં (પૃ. ૪૪૦ માં) ત્રણે ખંડના આદિમ અને અંતિમ ભાગમાંથી થોડીક પંક્તિ ઉદ્ધૃત કરાઈ છે, જ્યારે સંપૂર્ણ કૃતિ **રંગસાગરનેમિફાગના** નામથી, “શમામૃતમ્ (છાયાનાટકમ્) અને જયવંતસૂરિકૃત **નેમિનાથ સ્તવન** સહિત, વનમાળી ગોવિંદજીએ વિ. સં. ૧૯૭૯માં છપાવી છે. એમાં કર્તા તરીકે **સોમસુંદરસૂરિનો** ઉલ્લેખ છે પણ એ વિચારણીય છે. પ્રસ્તુત કૃતિનું દ્વિતીય પદ્ય વિચારતાં આ કૃતિનું નામ **રંગસાગરમહાફાગ** હોવાનું ફલિત થાય છે. સંપૂર્ણ મુદ્રિત કૃતિની અંતિમ પંક્તિ ઉપરથી એનું નામ **નેમિનાથનવરસફાગ** યોજી શકાય તેમ છે. મુદ્રિત કૃતિમાં તેમજ “ષષ્ટિશતક ત્રણ બાલાવબોધ સહિત”ની પ્રસ્તાવના(પૃ. ૧૩)માં કર્તા તરીકે **સોમસુન્દરસૂરિનું** નામ છે, પરંતુ પ્રસ્તુત કૃતિ ‘મંડનાંક’થી અંકિત છે તે વિચારતાં તેમજ **જૈ૦ ગૂ૦ ક૦** (ભા. ૩, ખંડ ૧, પૃ. ૪૪૦)માંની પુષ્પિકા જોતાં તથા **જૈ૦ સા૦ સં૦ ઇ૦** (પૃ. ૪૮૮) જોતાં આ વાત ભ્રાન્ત ઠરે છે. વિશેષમાં ઉદ્ધૃત અંશ અને મુદ્રિત કૃતિમાં અંત્ય પદ્ય પરત્વે ભિન્નતા જોવાય છે.

**આપણા કવિઓ** (ભા. ૧, પૃ ૩૩૨–૩૩૮)માં આ ફાગના છંદ, વિષય ઇત્યાદિ વિષે પ્રકાશ પડાયો છે. ફાગને **પ્રાચીનફાગુસંગ્રહ**માં સ્થાન અપાયું નથી.

**એ કૃતિ કઇ?**–**જલ્પકલ્પલતા** (પત્ર ( આ)માં “अवोचाम चान्यत्र” એવા ઉલ્લેખપૂર્વક નિમ્નલિખિત પદ્ય અવતરણરૂપે અપાયું છેઃ—

“गत्वा यौगमतेऽक्षिपाणियुगपच्छीतेतरस्पर्शतः,
स्याद्वादं जगदीशदर्शितमसावातिष्ठिपद् विष्टपे।
तत् पुण्यादिव देवतावदनतामग्निर्जगाम व्रजद्–
धूमव्याजमघव्रजं निजमजत्यानर्ज तेजस्विनाम् ॥”

આ પદ્ય રત્નમંડનગણિની જે કૃતિઓનો પરિચય મેં આ પૂર્વે આપ્યો છે તે પૈકી ઉપર્યુક્ત બંને ફાગ સિવાયની કૃતિઓમાંથી કોઇ છે કે અન્ય જ કોઇ અને એ જો અન્ય જ હોય તો તે કઇ અને તે મળે છે કે કેમ એ બાબતોનો નિર્ણય અત્યારે તો તે સાધનના અભાવે હું કરી શકતો નથી તો વિશેષજ્ઞોને એને અંગે સમુચિત પ્રકાશ પાડવા મારી સાદર વિજ્ઞપ્તિ છે.

૧ આ નામ યોજવા માટે પ્રથમ પદ્યમાંનો ‘નેમિ’ શબ્દ અને અંતિમ પદ્યમાંનો ‘રાજીમતી’ શબ્દ કારણરૂપ બન્યા હશે. બાકી એમાં આ બે સમર્થ વ્યક્તિઓનું કોઈ વિશિષ્ટ આલેખન નથી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પ્રમાણે સમયાદિ અનુસાર રત્નમંડનગણિની વિવિધ કૃતિઓની મેં આછી રૂપરેખા આલેખી છે. એટલે હવે આ પ્રણેતાનો હું સંક્ષિપ્ત પરિચય આપું છું.

**રત્નમંડનગણિ તે કોણ?**—કેટલાક જૈન ગ્રંથકારો પોતાને પોતાના પ્રગુરુના અને કોઈ વાર વિદ્યમાન ગચ્છનાયકના શિષ્ય તરીકે પણ ઓળખાવે છે. **ભોજપ્રબન્ધના** અંતમાં બે વાત દર્શાવી છેઃ-

(૧) નંદિરત્નગણિ એ 'તપા' ગચ્છના સોમસુન્દરસૂરિના ચરણકમળને વિષે ભ્રમર સમાન છે.

આ ઉપરથી પં. લાલચંદ્ર ભ. ગાંધીએ એવું અનુમાન દોર્યું છે કે સોમસુન્દરસૂરિ નંદિરત્નગણિના ગુરુ અને રત્નમંદિરગણિના પ્રગુરુ થાય છે.[1]

(૨) રત્નમંદિરગણિ નંદિરત્નગણિના શિષ્ય થાય છે.

**સુકૃતસાગરના** પ્રારંભમાં સોમસુન્દરસૂરિ, રત્નશેખરસૂરિ અને નંદિરત્નગણિ એ ત્રણનો ઉલ્લેખ છે. આ કૃતિના તરંગોની પુષ્પિકાઓમાંથી નીચેની બાબતો જાણી શકાય છે.

૧. રત્નશેખરસૂરિ સોમસુન્દરસૂરિના પટ્ટાલંકાર છે.

૨. નંદિરત્નગણિ રત્નશેખરસૂરિના વિનેય છે.

૩. રત્નમંડનગણિ એ નંદિરત્નગણિના ચરણરેણુ છે.

**જલ્પકલ્પલતાના** ત્રણે સ્તબકોની પુષ્પિકા ઉપરથી નીચેની બાબત ફલિત થાય છેઃ—


(૧) રત્નમંડન(ગણિ)એ રત્નશેખરસૂરીન્દ્રના શિષ્યાણુ છે.

૧ જુઓ "જૈન સત્ય પ્રકાશ" (વ. ૧૨, અં. ૭)

પં. લાલચન્દ્ર ગાંધીએ સૂચવ્યું છે કે "સોમદેવસૂરિ અને પં. નંદિરત્નગણિ એ બંને સોમસુન્દરસૂરિના શિષ્યો હોઇ ગુરુભાઇઓ ગણાય."[1]

આ ઉપરથી હું પં. લાલચન્દ્રે જે એમ કહ્યું છે કે રત્નમંડનગણિ નંદિરત્નગણિના શિષ્ય થાય છે એ મતને મળતો થાઉં છું. અને પં. અંબાલાલ પ્રે. શાહના[2] મતથી જુદો પડું છું. વિશેષમાં પં. અંબાલાલે રત્નમંડનને 'સૂરિ' કહ્યા છે તો તે માટે પ્રમાણ રજૂ કરવા તેઓ કૃપા કરે.

અહીં એ ઉમેરીશ કે રત્નમંદિર ગણિ પણ નંદિરત્નગણિના શિષ્ય થાય છે. પ્રસ્તુત વિવેચનના આધારે નીચે પ્રમાણે વંશવૃક્ષ રજૂ થઈ શકે–




આથી **પ્રાચીનફાગુ-સંગ્રહના** "કૃતિપરિચય અને પ્રતિપરિચય" (પૃ. ૧૭)માં ડૉ. **સાંડેસરાએ** પં. અંબાલાલનો મત નોંધી જે એમ કહ્યું છે કે રત્નમંડનગણિ સોમસુન્દરસૂરિના કે તેમના શિષ્ય સોમદેવસૂરિના શિષ્ય થાય છે તે વિચારણીય ઠરે છે.

૧ જુઓ 'જૈન સત્યપ્રકાશ' (વ. ૧૨, અં. ૭, પૃ. ૧૯૫). પં. લાલચંદ્રે પં. અંબાલાલની કોઇ કોઇ બાબત વિચારણીય હોવાનું અહીં કહ્યું છે.

૨ જુઓ 'જૈન સત્યપ્રકાશ' (વ. ૧૨, અં. ૫-૬, પૃ. ૧૬૮).

નવપદારાધન માટે અતિ ઉપયોગી ——— **સિદ્ધચક્રસ્વરૂપદર્શન (સચિત્ર)**

નવે દિવસની ક્રિયા-વિધિ, ખમાસમણા, નવકારવાળી, કાઉસ્સગ્ગ, શ્રી સિદ્ધચક્રયંત્રોદ્ધાર-પૂજનવિધાન વિગેરે વિગતો સાથે શ્રી સિદ્ધચક્રના નવે પદનું સંક્ષિપ્ત મુદ્દાસર સ્વરૂપ છતાં મૂલ્ય માત્ર આઠ આના. લખોઃ—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી પ્રશ્નોત્તરસાર્ધશતક—સાર્થ

: ( ૨૪ ) :

અનુ૦ આચાર્યશ્રી વિજયમહેન્દ્રસૂરીશ્વરજી મહારાજ

પ્ર૦ (૧૦૦) બીમાર અને તેની સેવા કરનાર સાધુ બીજા સાધુઓની ભોજનમાંડલીમાં પ્રવેશ કરી શકે કે નહિ?

ઉ૦—બીમાર અને તેની સેવા કરનાર સાધુ પ્રાયશ્ચિત્ત લઇ, તેને પૂર્ણ કર્યા પછી બીજા સાધુની ભોજનમાંડલીમાં પ્રવેશ કરી શકે. બીમારને દશ ઉપવાસનું પ્રાયશ્ચિત્ત આવે અને સેવા કરનારને બે ઉપવાસનું પ્રાયશ્ચિત્ત આવે. મતાન્તરે બન્નેને પંચ કલ્યાણક દશ ઉપવાસનું પ્રાયશ્ચિત જાણવું પ્રાયશ્ચિત્ત પૂરું કર્યા પછી બન્ને સાધુ ભોજનમાંડલીમાં પ્રવેશ કરે. બૃહત્કલ્પની ટીકામાં કહ્યું છે કેઃ—

ग्लाने प्रगुणीभूते सति ग्लानस्य पंचकल्याणकं प्रायश्चित्तं प्रतिचारकानां तु एककल्याणकं देयं आदेशान्तरेण वा द्वयोरपि पंचकल्याणकं मंतव्यं ततो व्यूढे प्रायश्चित्ते द्वावपि ग्लानप्रतिचारकवर्गौ भोजनादिमण्डलीं प्रविशत इत्यादि ॥ આનો અર્થ ઉપર આવી ગએલ છે.

પ્ર૦ (૧૦૧) વર્ષાકાલ સિવાય આઠ માસરૂપ ઋતુબદ્ધ કાલમાં સાધુઓ અને પૌષધ વ્રતવાલા શ્રાવકો પાટ પાટલા ગ્રહણ કરે કે નહિ?

ઉ૦—ઉત્સર્ગથી પાટ પાટલા ગ્રહણ કરે નહિ. જો ગ્રહણ કરે તો અવસન્નો કહેવાય, જે માટે જ્ઞાતા અધ્યયનમાં શેલકના દૃષ્ટાન્તમાં કહ્યું છે કેઃ—

"तएणं से सेलए उउबद्धपीढफलगसेवी सज्जासंथारए ओसन्ने जाएत्ति" तथा आवश्यकनिर्युक्तौ अप्युक्तं च–ओसन्नो वि य दुविहो सव्वे देसे य तत्थ सव्वंमि ॥ उउबद्धपीढफलगोठवियगभोईय नायव्वो ॥ १ ॥

**ભાવાર્થ**—ત્યારપછી તે શેલકમુનિ શેષકાલમાં શય્યા સંથારા માટે પાટ પાટલાનું સેવન કરનાર અવસન્ન થયા. આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે કે–અવસન્નાના બે ભેદ છે. સર્વથી અને દેશથી, તેમાં સર્વથી અવસન્ન શેષકાલમાં પાટ પાટલાનો ઉપયોગ કરે, સ્થાપના ભોજન જમે. (એટલે સાધુને માટે શોશીય તૈયાર કરી રાખી મૂકેલ ભોજનને સ્થાપના ભોજન કહેવાય) તે અવસન્ન જાણવો. અપવાદ પદે શેષ કાલમાં પણ પાટ પાટલા વાપરે જેને માટે આગમમાં કહ્યું છે કેઃ—

जह कारणे तणाई उउबद्धम्मि य हवन्ति गहियाइं ॥ तह फलगाणि वि गिण्हइ चिक्खिल्लाईहि कज्जेहिं ॥ १ ॥ **ભાવાર્થ**—જેમ દેશાદિ લક્ષણ કારણે ઋતુબદ્ધકાલમાં ઘાસ ગ્રહણ કરેલ હોય છે તેમ શેષ કાલમાં કાદવ આદિ કારણે અહિં આદિ શબ્દથી જીવોત્પત્તિ, વનસ્પતિ, લીલફુલ આદિ કારણે પાટ પાટલા લેવાય છે. ૧૦૧

પ્ર૦ (૧૦૨) માર્ગમાં વૃક્ષની નીચે રહેવાની ઇચ્છાવાલા સાધુઓ ત્યાં કોની આજ્ઞા લઇને રહી શકે?

ઉ૦—"अणुजाणह जस्सुग्गहो" ઇત્યાદિ વચનવડે વૃક્ષાદિની આજ્ઞા લઇને ત્યાં રહેવું, આવશ્યક સૂત્રની ટીકામાં એમ જ કહ્યું છે. સંક્ષેપથી તે પાઠ આ પ્રમાણે છે.

"साधूनाम् इयं सामाचारी सर्वत्रैव अध्वादिषु वृक्षाद्यपि अनुज्ञाप्य स्थातव्यम् तृतीयव्रतरक्षणार्थम् एवं भिक्षाटनादावपि व्याघातसंभवे क्वचित् स्थातुकामेन स्वामिनं तदभावे तदवग्रहदेवतां वा अनुज्ञाप्य स्थेयम्"

**ભાવાર્થ**:—સાધુઓની આ સામાચારી છે કે સર્વત્ર માર્ગવિગેરેમાં ત્રીજા વ્રતના રક્ષણ માટે વૃક્ષ આદિની આજ્ઞા લઇને રહેવું, એ પ્રમાણે ગોચરી લેવા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગયા હોય ત્યારે કોઈ વ્યાઘાત સંભવે તો કોઈ સ્થળે ઊભા રહેવા માટે તેના સ્વામીને અથવા સ્વામીના અભાવે તે અવગ્રહના દેવની આજ્ઞા લઈને રહેવું.

પ્ર૦ (૧૦૩) સાધ્વીઓના ઉપાશ્રયમાં રાત્રિમાં કોઈ ચોર આદિ પ્રવેશ કરે તો સાધ્વીઓએ શું બોલવું?

ઉ૦—સાધ્વીઓના ઉપાશ્રયમાં જો રાત્રિમાં કોઈ ચોર કે વ્યભિચારી માણસ પ્રવેશ કરે તો તે સમયે દ્વારમાં રહેલ સાધ્વીએ 'કોણ છે' એમ ન બોલવું, એમ બોલવાથી પાડોશમાં રહેલા માણસોને શંકા આદિ દોષ ઉત્પન્ન થાય, પરંતુ छुछुरितं वाहडि इति वक्तव्यम् છુછુ વાહડ વાહડ આ પ્રમાણે બોલવું, અથવા હે અનાથ! શું તારે માતપિતા નથી કે જેથી આ વખતે આવી રીતે રખડે છે, તેમજ દુષ્ટ જાતિના ધરડા બળદની માફક અમારા ઉપાશ્રયને સેવે છે, હે નિર્ભાગ્ય! અહિં તારે યોગ્ય સ્થાન નથી, ચાલ્યો જા, અહિંયા શું ખાઈશ? આ પ્રમાણે અન્યોક્તિવડે બોલવું ઈત્યાદિ બૃહત્કલ્પની ટીકામાં કહ્યું છે. ૧૦૩

પ્ર૦ (૧૦૪) કોઈ સાધુ કાલ કરે તો શો વિધિ કરવો?

ઉ૦—એનો ઉત્તર બૃહત્કલ્પભાષ્યાદિમાં આવેલ જ છે તેમજ સંક્ષેપમાં કહે છે કે:—

"जं वेलं कालगओ निक्कारणे कारणे भवे निरुहो" जग्गण वंधण छेयणे एतं तु विहिं तहिं कुज्जा ॥ १ ॥

ભાવાર્થ:—દિવસ અથવા રાત્રિએ જે સમયે કાળ કરે તે સમયે જ મૃતકને કાઢવું. કોઈક વૈયાવચ્ચ કરનાર સાધુએ એકાન્ત શુદ્ધ પ્રદેશને વિષે તે મૃતકને પરઠવી દેવું. એક સાધુ શક્તિમાન ન હોય તો બીજા ઘણા ભેગા થઈને મૃતકને ઉપાડવું. આ પ્રમાણે નિષ્કારણે જાણવું એમ કહ્યું છે. કારણે તો કેટલોક વખત સુધી મૃતકને રાખી શકાય. તેમાં જાગવું, મડદાને બાંધવું, છેદ કરવો ઇત્યાદિ વિધિ શાસ્ત્ર પ્રમાણે કરવી. ક્યા કારણે મડદાને રાખવું તે કહે છે:—

हिम–तेण–सावयभया–पिहितादारा–महानिनादो वा ॥ ठवणा णियगा व तहिं आयरिय-महातवस्सी वा ॥ २ ॥

ભાવાર્થ:—રાત્રિમાં અસહ્ય હિમ પડતો હોય, ચોર તથા હિંસક જીવોનો ભય હોય તો ન નીકળી શકાય અથવા નગરના દરવાજા બંધ થઈ ગયા હોય, મોટો અવાજ થતો હોય, મહાજનને ખબર પડી ગઈ હોય તો તે મડદાને તે ગામ કે નગરમાં રાખવું. તે ગામાદિકમાં એવી વ્યવસ્થા હોય કે રાત્રિમાં મડદું કાઢવું નહિ, અથવા તે ગામ કે નગરમાં તેના સગા કે જ્ઞાતિજનો હોય તેઓ કહે કે અમને પૂછ્યા સિવાય મડદું કાઢશો નહિ. અથવા તે નગરમાં આચાર્ય ઘણા પ્રસિદ્ધ હોય, અથવા કાલ કરનાર મહાતપસ્વી હોય, ઘણા કાળ સુધી અનશન પાળ્યું હોય, માસખમણ કર્યું હોય એવા કારણે રાત્રિમાં મડદું રાખી મૂકવું. દિવસે પણ આવા કારણે રાખી શકાય. મડદાને ઢાંકવા માટે શુદ્ધ શ્વેત વસ્ત્ર ન હોય તો દિવસે પણ કાઢવું નહિ. રાજાદિ નગરમાં પ્રવેશ કરે કે નગરમાંથી નીકળે, દરવાજા બંધ થવાનો સંભવ હોય તો રાત્રે પણ મડદાને કાઢવું નહિ. હવે શીર્ષ દ્વાર કહે છે:—

जत्तो दिसाइ गामो तत्तो सीसं तु होइ कायव्वं। उट्ठंत रक्खणट्ठा असंगलं लोगगरहा य॥

ભાવાર્થ—જે દિશામાં ગામ હોય તે દિશા તરફ મડદાનું મસ્તક ઉપાશ્રયમાંથી લઈ જતી વખતે અને પરઠવતી વખતે કરવું કારણ કે કદાચિત્ મડદું ઊભું થાય તો પણ ઉપાશ્રય તરફ આવી શકે નહિ. બીજું, જે દિશા તરફ ગામ હોય તે દિશા તરફ મડદાના પગ રાખવાથી અમંગલ થાય, લોકમાં નિંદા થાય, અરે! આ સાધુઓ એટલું પણ જાણતા નથી કે ગામની સન્મુખ મડદું ન કરાય, તેમજ પરઠવતી વખતે યથાજાત ઉપકરણ પડખે સ્થાપવા, તે રજોહરણ, મુહપત્તિ, ચોળપટ્ટો. જો આ ઉપકરણ મડદાની પાસે ન રાખે તો ચતુર્ગુરુ પ્રાયશ્ચિત્ત આવે અને આજ્ઞાભંગનો દોષ લાગે અને કાળ કરનાર મિથ્યાત્વ ભાવને પામે એટલે દેવ થયા પછી અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકયા પછી ઉપકરણોને ન દેખે તો એમ માને કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હું ગૃહસ્થલિંગે દેવ થયો છું એમ મિથ્યાત્વને પામે. અથવા રાજા લોકપરંપરાએ વાત જાણીને આ લોકોએ કોઈક માણસને ઉપદ્રવ કરેલ છે એવી બુદ્ધિથી કુપિત થએલો નજીકના બે ત્રણ ગામોમાં પ્રતિબંધ કરે. હવે કાઉસ્સગ્ગ દ્વાર કહે છેઃ—

चेइअ घरुवस्सए वा हायंतीओ थुईउ तो बिंते ॥
सारवणं वसहीए करेइ सव्वं वसइपालो ॥१॥

**ભાવાર્થ**—પછી દેરાસર કે ઉપાશ્રયમાં આવી, પરિહીયમાના સ્તુતિ બોલે યાવત્ જ્યાં સુધી તેઓ ન આવ્યા હોય ત્યાં સુધી વસતિપાલ વસતિનું પ્રમાર્જન વિગેરે સર્વ કાર્ય કરે–આ વિષયમાં ચૂર્ણિનો વિશેષ પાઠ આ પ્રમાણે છેઃ—

"तओ आगम्म चेइय घरं गच्छंति चेइयाणि वंदित्ता संतिनिमित्तं अजियसंतित्थवो परिकड्ढिजइ तिन्नि थुईओ परिहायंतीओ कड्ढिजंति तओ आगन्तु अविहिपरिट्ठावणियाए काउस्सग्गो कीरइ त्ति ॥

**ભાવાર્થ**—ત્યાંથી આવીને દેરાસરમાં જાય, ચૈત્યવંદન કરે, શાન્તિ માટે અજિતશાન્તિ સ્તવ બોલે, પરિહાયંતી ત્રણ થોયો કહે, પછી આવીને અવિધિ પારિટ્ઠાવણિયાએનો કાઉસ્સગ્ગ કરે, તેમજ વ્યવહાર દૃષ્ટિથી મૃતકની આ પ્રમાણે ગતિ જાણવી.

थलकरणे वेमाणिओ जोइसिओ वाणमंतरो समम्मि ॥ गड्डाइ भवणवासी एस गति से समासेण ॥ १ ॥

**ભાવાર્થ**—જો તે મૃતકનું શરીર સ્થલ (ઊંચી જમીન) પર મૂકયું હોય, પાલખીમાં પધરાવ્યું હોય તો તે વૈમાનિક દેવ થયો છે એમ જાણવું. સરખી ભૂમિ પર મૂકયું હોય તો જ્યોતિષી કે વ્યન્તરમાં ઉત્પન્ન થયો છે, એમ જાણવું. ખાડામાં મૂકયું હોય તો ભવનપતિમાં ગયો છે એમ જાણવું. સંક્ષેપમાં આ પ્રમાણે તેની ગતિ કહેલ છે. ૧૦૪

પ્ર૦ (૧૦૫) વિહાર કરવાની ઈચ્છાવાલા આચાર્યાદિકે ચંદ્રબળ–તારાબળ જોવું કે નહિ?

ઉ૦—પ્રયાણ કરવાની ઈચ્છાવાળા આચાર્યાદિકે ઘણું કરીને ચંદ્રબળ, તારાબળ જોવું જ જોઈએ. બૃહત્કલ્પની ટીકામાં કહ્યું છે કે–'अणुकुल्येत्यादि" જ્યારે આચાર્યને ચંદ્રબળ, તારાબળ અનુકૂલ હોય ત્યારે પ્રસ્થાન કરે. ઉપાશ્રયમાંથી નિકળ્યા પછી જ્યાં સુધી સાર્થની સાથે ન થવાય ત્યાં સુધી પોતે શકુન ગ્રહણ કરે અને ભેગા થયા પછી સાર્થના શકુનની સાથે પ્રયાણ કરે. (ચાલુ)

# सहजकीर्तिरचित तीन छेदसूत्रों के सूत्रार्थकी खोज

—श्री अगरचंद नाहटा

जैन आगमों पर समय–समय पर अनेकों विद्वानोंनें अपने–अपने ढंगसे संक्षिप्त और विस्तृत व्याख्याएं लिखी है, जिनमेंसे कुछ तो आगमोदय–समिति आदिसे प्रकाशित हो चुकी हैं, पर अभी बहुतसी अप्रकाशित भी हैं, जिनके प्रकाशन की नई योजना प्रकाशमें आई थी, पर अभी उनमें से प्रायः ग्रंथ प्रकाशित नहीं हुए। अतः आवश्यकता है, शीघ्र ही आगमोंके अप्रकाशित टीकाओं आदि के प्रकाशन की।

आगमोंके कुछ व्याख्या ग्रंथ तो ऐसे भी हैं, जिनका अधिक प्रचार उनकी रचना के बादसे ही नहीं हुआ। फलतः उनकी एक–दो प्रतियों ही कहीं किसी भंडार में रह गई हैं, और उनमें से कुछ प्रतियां तो त्रुटित अवस्थामें मिलती है। उनकी पूरी प्रतियों की खोज भी नितांत आवश्यक है। यहाँ ऐसे ही तीन छेद–सूत्रों

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



के सूत्रार्थ की त्रुटित रूपमें प्राप्त प्रति का परिचय दिया जा रहा है। सत्रहवी शताब्दी के खरतर-गच्छ के महोपाध्याय सहजकीर्ति के कल्प, विहार और निशीथ इन तीन छेद-सूत्रोंके अर्थ २२००० श्लोक-परिमित लिखित है, पर अभी उनमेंसे केवल निशीथ-सूत्रार्थ की ही एक त्रुटित प्रति मुर्शिदाबादसे प्राप्त कलकत्ते के जैनभवनके ग्रंथालय में मिली है। प्राप्त-प्रति के प्रारंभ के ४० पत्र नहीं है। ४१ से ७७ तक के पत्र हैं इसकी प्रशस्ति से मालूम होता है कि इस सूत्रार्थ की रचना जैसलमेर में संवत् १७०० से संवत् १७११ के बीच में हुई हैं; क्योंकि प्रशस्ति में उल्लिखित जिनरत्नसूरि का समय यही है।

महोपाध्याय सहजकीर्ति खरतरगच्छ की क्षेमशाखा के सत्रहवी शताब्दी के सुप्रसिद्ध विद्वान हैं। व्याकरण, शास्त्र के भी वे महापंडित थे। निशीथसूत्रार्थकी प्रशस्तिमें भी पंचांग महाव्याकरणकी रचना का भी उल्लेख है। संस्कृत और राजस्थानी दोनों भाषाओं में गद्य-पद्य में लगभग आपकी ४० रचनाएँ मिलती हैं, पर, खेद है, उनमें से एक भी रचना अभीतक प्रकाशित नहीं हो पाई। आपके संबंध में कई वर्ष पूर्व 'जैन सिद्धान्तभास्कर' में मेरा एक लेख प्रकाशित हो चुका है। अब नीचे निशीथ सूत्रार्थ की प्रशस्ति दी जा रही है।

"॥ इतिश्री निशीथ-सूत्रार्थे किञ्चित् भाष्यार्थमिश्रिते यतीन्द्र-श्रीसहजकीर्तिविरचिते विंशतितम उद्देशः २० तत्समाप्तोऽयं निशिथ-सूत्रार्थः ॥"

गच्छाधीशे महाप्रज्ञे श्रीजिनरत्ननामनि।
पुण्यप्राग्भारभावेन प्रौढराज्यं प्रकुर्व्वति ॥१॥
गच्छे खरतर श्रीमत् क्षेमशाखा बृहत्तरा।
तत्र जाता ज्ञानरत्नसारा सारश्रियापद्म ॥२॥
वाचकश्रीरत्नसारा शिष्याः श्रीहेमनंदनाः।
गुरुभक्तिपद्मिनीनां समुल्लासे दिवाकराः ॥३॥
तच्छिष्याः कृतं पंचांगमहाव्याकरणाः स्फुटम्।
प्राप्तप्रसारं फलवर्द्धिस्थितं पार्श्वजिनेशितु ॥४॥
कल्पस्य व्यवहारस्य निशीथस्य महात्मनः।
अक्षरार्थस्त्रयाणां हि श्रीसहजादिकीर्तिभिः ॥५॥
स्वज्ञानहेत्वे चक्रे श्रीमज्जेसलसत्पुरे।
द्वाविंशति सहस्रप्रमानो विशदवैभवः ॥ ६ ॥
द्वयोष्टीका समालोक्य चूर्णिमेतस्य संक्षितः।
गंभीरार्थस्य गंभीरप्रायश्चितविधेस्तदा ॥ ७ ॥
सूत्राथव्याकरणानां भ्रांति काचिद्भवेदिह।
विद्वद्भिः सापनेतव्या धीरा हि दोषभेदितः ॥८॥
सुखाभिलाषीभिर्धीरैः सुरभिः पंकजोपमः।
हृत्पद्मसरसि स्फारो धारणीयोऽयमादरात् ॥ ९ ॥

उक्त प्रशस्ति में उल्लिखित 'पंचांग महाव्याकरण' कोई स्वतंत्र-ग्रंथका नाम है, या उनकी व्याकरण, कोश संबंधी भिन्न भिन्न रचनाओंका वह समुच्चयरूप से सूचक है, इसके विषय में निश्चितरूप से कुछ कहा नहीं जा सकता, पर उनका शब्दार्णव व्याकरण (धातुपाठ)—रज्जुप्रज्ञाव्याकरणप्रक्रिया। एकादिशत-पर्यंतशब्दसाधनिका, सारस्वतवृत्ति, नामकोश छ कांड, ये ग्रंथ मिलते है। संभव है ये पंचांग महाव्याकरण के ही अंतर्गत हों, पर यदि 'पंचांग महाव्याकरण' इस संज्ञासे और भी कोई व्याकरण संबंधी उनकी रचना हो, तो उसकी खोज की जानी चाहिए।

प्रशस्ति में उल्लिखित कल्प, व्यवहार और

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તપનો મહિમા

—શ્રી હીરાચંદ સ્વરૂપચંદ સુખડીયા

જેમ પુષ્પોમાં કમળ, તારામાં ચંદ્રમા, પર્વતમાં મેરુ, નદીમાં શત્રુંજયી, તીર્થોમાં શત્રુંજય, નરેંદ્રોમાં ચક્રવર્તી, દેવોમા દેવેંદ્ર, સાધુમાં ગણધર, કેવળજ્ઞાનીઓમાં તીર્થંકર, વાદ્યોમાં વીણા, આભૂષણોમાં મુકુટ, પર્વમાં પર્યુષણાપર્વ શોભે છે; તે જ પ્રમાણે દાન, શીયળ, તપ અને ભાવના એ ચાર પ્રકારના ધર્મમાં તપ શોભે છે.

સૂર્ય વગર જગતમાં ગાઢ તિમિર છવાઇ જતાં પ્રગટાવવામાં આવેલા કરોડો દીવાઓ તે ગાઢ તિમિરને ભેદવાને સમર્થ થઇ શકતા નથી તે જ પ્રમાણે પર્વત કરતાં પણ વધુ ક્લિષ્ટ એવા કર્મને ભેદવા માટે ૭ પ્રકારનો અભ્યંતર અને ૭ પ્રકારનો બાહ્ય એમ બાર પ્રકારનો તપ વજ્રની ગરજ સારે છે.

કર્મ ખપાવે ચીકણાં, ભાવ મંગળ તપ જાણ;
પચાસ લબ્ધિ ઉપજે, જય જય તપ ગુણખાણ.

ચીકણાં કર્મોરૂપી જાળને તોડવા માટે જે તીક્ષ્ણ-ખંજરની ગરજ સારે છે, જેના પ્રભાવથકી અષ્ટમહાસિદ્ધિ તેમજ અક્ષીણમહાનસ અને આમોસહી આદિ પચાસ લબ્ધિની પ્રાપ્તિ થાય છે અને જે સ્વયં દ્રવ્યમંગળ અને ભાવમંગળની ખાણરૂપ છે એવા એકાવન ભેદે જે તપ છે તેને મારી ક્રોડવાર વંદના હો.

ગૌહત્યા, બાળહત્યા, સ્ત્રીહત્યા અને બ્રહ્મહત્યા આદિ ઘોરાતિઘોર હિંસા કરનાર દઢપ્રહારી અથવા રોજ ૭ પુરુષ અને એક સ્ત્રી એમ સાત સંજ્ઞી પંચેંદ્રિય જીવની હિંસા કરી ભયંકર કર્મને ઉપાર્જન કરી અનંતી પાપરાશિઓ એકઠી કરનાર અર્જુનમાળી જેવા ઘોર પાપીઓ તપના બળે કરીને જ રૌરવ નરકને ભેદી શકવાનો સમર્થ થયા.

अज्ञाननाशिनी प्रज्ञा, शीलं दुर्गतिनाशनं ।
दारिद्रयनाशनं दानं, भावना भवनाशिनी ॥

જેમ બુદ્ધિ અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરી જ્ઞાનરૂપી પ્રકાશ કરે છે. શીયલ નરક, તિર્યંચ આદિ દુર્ગતિનો નાશ કરે છે, દાન દારિદ્રય દુઃખનો નાશ કરે છે, અને સદ્ભાવના અને અનિત્ય ભાવના ભવરૂપી સમુદ્રનો પાર પમાડે છે.

વળી જેમ ઉદ્યમ કરવાથી લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે અને દારિદ્રય દૂર જાય છે, અભ્યાસ કરવાથી મૂર્ખતા ભાગી જાય છે, મૌન ધારણ કરવાથી કલહ-કંકાસ આપોઆપ પલાયન થઈ જાય છે અને જાગતા માણસનો ભય નાશ પામી જાય છે તે જ પ્રમાણે જીવનની અંદર તપશ્ચર્યાનું આલંબન લેનાર પુણ્યશાળી આત્મા સંસારસાગરનો તપરૂપી પ્રવહણથી પાર પામે છે અને તેને ફરીથી 'પુનરપિ જનનં પુનરપિ મરણં પુનરપિ જનનીજઠરે શયનમ્' વગેરે કરવાનું રહેતું નથી.

જેના વડે ગણધર ભગવંત શ્રી ગૌતમસ્વામીજી મહારાજા શ્રી અષ્ટાપદ મહાતીર્થ ઉપર સૂર્યના કિરણને અવલંબી યાત્રા કરી પંદરસેં ત્રણ તાપસોને 'અક્ષીણ-મહાનસ લબ્ધિ' વડે એક પાત્ર ખીરના ભોજનથી પારણું કરાવી પ્રતિબોધ્યા તે શ્રી તપપદ જૈનશાસનમાં અવિરતપણે જયવંતું વર્તે છે.

એટલું જ નહિ પણ શ્રી વજ્રસ્વામી મહારાજ જેવાએ પણ બૌદ્ધ રાજાને પ્રતિબોધવાને અને શ્રી જૈનસંઘની રક્ષાના હેતુએ આકાશગામિની વિદ્યાએ કરીને પુષ્પો લાવી જિનેશ્વર ભગવાનની પૂજા કરાવી તે પણ તપના બળે કરીને જ.

ચૌદ હજાર મુનિપુંગવોમાં શ્રી વીર પરમાત્માએ

---

निशिथ इन तीनों सूत्रों के सूत्रार्थ सहजकीर्तिजीने लिखे थे पर उनमें से पहले दो सूत्रों के सूत्रार्थ की प्रतियाँ अभीतक कहीं जानने में नहीं आई और निशीथ की प्रति के भी प्रारम्भ के ४० पत्र नहीं मिले, अतः इनकी खोज भी की जानी आवश्यक है।



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

[illegible] છે.

[illegible] કર્મો [illegible] નિકાચિત [illegible] નાશ કરવાની તાકાત ધરાવે છે, એટલું જ નહિ પણ [illegible], અનંતી શક્તિ અને જ્ઞાનને પ્રગટાવે [illegible] અને દીક્ષા લેતાની સાથે ચોથું મનઃપર્યવજ્ઞાનની પ્રાપ્તિ કરનાર, શાશ્વત સુખના [illegible], [illegible] પરમાત્મા, [illegible] શ્રી વીર પરમાત્માએ [illegible] પર્યંત સુધી જે ઘોર તપશ્ચર્યા કરી તે શું બતાવે છે?

જેમ સુવર્ણને અગ્નિમાં તપાવવામાં આવતા તેમાંથી મેલ જુદો પડે છે, અને સુવર્ણ તેજસ્વરૂપને ધારણ કરે છે, તે જ પ્રમાણે તપશ્ચર્યાને કરનાર [illegible] પ્રાપ્તિ કરી શકે છે.

આમ અનેક આંતરિક શક્તિઓથી ભરેલા તપો-ધર્મમાં પણ સર્વ તપોમાં શ્રી વર્ધમાનતપ વિશેષ મહિમાવાળો છે, જેમ મંદિરથી કળશ, કળશથી શિખર, શિખરથી મંદિર, અને મંદિરથી મૂર્તિ શોભે છે તે જ પ્રમાણે શ્રી વર્ધમાન તપને આરાધતો જીવ અલૌકિક પ્રભાને ધારણ કરનારો થાય છે અને આ જગતમાં સુખ–વૈભવ, કીર્તિ આદિની અનુપમાનાં સુખો અને પરભવમાં ઇન્દ્ર–દેવેન્દ્ર–વિદ્યાધર–ચક્રવર્તીના સુખો ભોગવી અનુક્રમે ઉત્તરોત્તર મુક્તિરૂપી સ્ત્રીને વરનારો થાય છે.

## ભાવનગરના યાદગાર પ્રસંગો

અત્રેનો "મારવાડીનો વંડો" ના નામે ઓળખાતો ઉપાશ્રય જીર્ણ થવાથી તેમજ ભાવનગરના વિશાળ જનસમુદાયને માટે સાંકડો પડતો હોવાથી તેને નવેસરથી ચણાવવાની હકીકત વર્ષોથી વિચારણામાં હતી તે હકીકતે હવે સ્પષ્ટસ્વરૂપ ધારણ કર્યું છે. અત્રે ચાતુર્માસ બિરાજતા ઉપાધ્યાય મહારાજશ્રી કૈલાસસાગરજી તથા પંન્યાસશ્રી સુબોધસાગરજી મહારાજશ્રી આદિની પ્રેરણા અને ઉપદેશથી આ કાર્ય માટે 'ફંડ' શરૂ કરવામાં આવ્યું. અને રૂપીયા દોઢ લાખ જેટલી રકમ નોંધાઈ ગઈ. નવો ઉપાશ્રય ચણાવવા માટેનું ખાતમુહૂર્ત પણ શ્રાવણ શુદ ૧૩ ને રવિવારના સવારના અત્રેના ધર્મપ્રેમી ગૃહસ્થ મૂળચંદ ગોરધનદાસ વોરાના શુભ હસ્તે થયું, જે સમયે સંઘની વિશાળ હાજરી હતી. ખાતમુહૂર્તની વિધિ બાદ તેમના તરફથી પ્રભાવના થયેલ. ખંભોરના શાહ શાંતિલાલ વાડીલાલ તરફથી પૂજા ભણાવવામાં આવેલ.

દાદાસાહેબના વિશાળ ચોકમાં શ્રાવિકા માટેના ઉપાશ્રય માટે ઉદારદિલ અને આપણી સભાના પ્રમુખ શ્રીયુત ભોગીલાલભાઈ મગનલાલ શેઠે રૂા. ૨૫૦૦૦)ની સહાય કરવાથી શ્રાવણ શુદ ૧૩ ને રવિવારના ઉપરોક્ત દિવસે બપોરના વિજયમુહૂર્તે શેઠશ્રીના સુપુત્ર રમણીકલાલભાઈના શુભહસ્તે ખાતમુહૂર્તની વિધિ કરાવવામાં આવી હતી. આ ઉપાશ્રયનું "શ્રી ચંચળબેન ભોગીલાલ તથા મધુબેન રમણીકલાલ" શ્રાવિકા ઉપાશ્રય નામ રાખવામાં આવશે. ખાતમુહૂર્તની વિધિ થઈ રહ્યા બાદ પ્રભાવના કરવામાં આવી હતી.

શેઠ જીવનભાઈ ગોરધન વિગેરેની આર્થિક સહાયથી દાદાસાહેબના વિશાળ ચોકમાં શ્રાવકનો ઉપાશ્રય પણ તૈયાર થઈ ગયો હતો, જેની ઉદ્ઘાટન વિધિ શેઠશ્રી ભોગીલાલભાઈ મગન-

For Private And Personal Use Only

[illegible] તે વખતે પૂજ્ય મુનિરાજો ઉપરાંત વિશાળ જનમેદની હાજરી હતી. પ્રભાવના થઈ હતી. આ ઉપાશ્રયનું "શેઠ ગોરધન હીરચંદ જૈન ઉપાશ્રય" એવું નામ રાખવામાં આવેલ.

નાનીથી ઉચ્ચ કેળવણી માટે સગવડ પૂરી પાડતી શ્રી દાદાસાહેબ જૈન બોર્ડિંગનું નવું ભવ્ય મકાન તૈયાર થઈ ગયું છે. મળેલ આર્થિક સહાય ઉપરાંત વિશેષ ખર્ચને પહોંચી વળવા સંસ્થાના કાર્યવાહકોએ પ્રયાસ શરૂ કર્યો છે અને સારું ફંડ કરવાનું છે.

માધ્યમિક કેળવણી અંગેના શ્રી જૈન બાળવિદ્યાર્થીગૃહને પોતાના સ્વતંત્ર મકાન માટે આર્થિક સહાય જરૂરત રહેતાં, તે માટે સંસ્થાના કાર્યવાહકોએ પ્રયાસ કરતાં સારી સહાય પ્રાપ્ત થઈ છે.

સમવસરણના વંડે, બિરાજતા ઉપાધ્યાય મહારાજશ્રી કૈલાસસાગરજી તથા પૂજ્ય પંન્યાસશ્રી સુબોધસાગરજી આદિ મુનિવર્યોની નિશ્રામાં પર્વાધિરાજ પર્યુષણા પર્વની સારી રીતે આરાધના થઈ છે. સોળ, પંદર, અઠ્ઠાઈ વિગેરે તપસ્વીઓની સંખ્યા સારા પ્રમાણમાં હતી. ચોસઠ પહોરી પૌષધમાં બાળકો સારા પ્રમાણમાં જોડાયા હતા. છ ઉપવાસ અને ઉપરના તપસ્વીઓના પારણાં શાહ પુરુષોત્તમદાસ ગીગાભાઈ તરફથી કરાવવામાં આવેલ.

મારવાડીને વંડે બિરાજતા સ્વ. આચાર્ય શ્રી વિજયભક્તિસૂરિજીના શિષ્ય પં. શ્રી સુમતિવિજયજી મહારાજશ્રીના શિષ્ય તપસ્વી મુનિરાજશ્રી દર્શનવિજયજીએ એકત્રીશ ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યા નિર્વિઘ્ને સુખશાતાપૂર્વક કરી હતી, જે નિમિત્તે શાહ કુંવરજી ગોરધનદાસ તરફથી રાત્રિજગો કરવામાં આવેલ. પ્રતિદિન ચાલીને તેઓશ્રી જિનમંદિરે દર્શનાર્થે જતાં, તેઓશ્રીએ આયંબિલ વર્ધમાનતપની ૧૦૦ ઓળી પૂર્ણ કરી છે. તપસ્વી મુનિરાજને સારી રીતે શાતા રહી હતી.

અત્રેના વર્ધમાન આયંબિલ ખાતામાં તુટો હતો તેના માટે ફંડ શરૂ કરતાં તેમાં પણ સારી રકમ નોંધાઈ ગઈ છે તેમજ કેળવણીને ઉત્તેજન મળે તે માટે કાર્ય કરતાં "કેળવણી સહાયક મંડળ"ને પણ સારું પ્રોત્સાહન મળેલ છે.

વડવા, દાદાસાહેબ તથા કૃષ્ણનગર અને કરચલીયા પરાના વિસ્તારોમાં પણ સારા પ્રમાણમાં તપશ્ચર્યા વિગેરે ધાર્મિક કાર્યો થયા હતાં.

એકંદરે આ વખતે પર્વાધિરાજની ઉજવણી સારી રીતે થઈ હતી.

## આટલું સુધારી લેશો

ગત શ્રાવણ માસના અંકમાં ૧૧૪મા પેજ પર "સાહિત્યચંદ્ર" શ્રી બાલચંદ હીરાચંદનું "અંધ" સંબંધી જે કાવ્ય પ્રસિદ્ધ થયું છે તેમાં નીચે પ્રમાણે સુધારી લેવું.

| કડી | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧ | ૪ | વિષ હજુ | વિષણનું |
| ૬ | ૨ | અકર્મ | કર્મ અકર્મ |
| ૮ | ૩ | ચિત્ત ધરી | ચિત્ત દયા ધરી |

મુદ્રણસ્થાન : સાધના મુદ્રણાલય, દાણાપીઠ–ભાવનગર.